Extra No. 300

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] FRIDAY, AUGUST 22, 2025 / SRAVANA 31, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધા:-

(૧) વન અને પર્યાવરણ વિભાગના પત્ર ક્રમાંક: ઈએનવી/૧૦/૨૦૧૦/૧૦૦૪-પાર્ટ-II (૨૦૨૧)/ટી, તા. ૨૯/૦૭/૨૦૨૨

(૨) નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ સેન્ટ્રલ ઝોન બેંચ, ભોપાલનો તા. ૨૪/૦૮/૨૦૧૫નો હુકમ

(૩) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩

(૪) કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની તા. ૧૨/૦૫/૨૦૨૦ ની માર્ગદર્શિકા

આદેશ:-

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે

નં.ડી.સી./પીઓએલ/જાહેરનામું/કલમ-૧૬૩/ગણપતિ મહોત્સવ/વશી/૬૮૧/૨૦૨૫.-અરવલ્લી જિલ્લામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ટુંક સમયમાં ગણેશજીની મૂર્તિની સ્થાપના થનાર છે. તા.૨૭/૦૮/૨૦૨૫ થી તા.૦૫/૦૯/૨૦૨૫ સુધી ગણેશોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવનાર છે.

ગણેશજીની સ્થાપના બાદ ધાર્મિક રીતિ રીવાજ મુજબ પ્રસંગ વિત્યા બાદ પાણીમાં વિસર્જન કરવામાં આવે છે. તા.૦૫/૦૯/૨૦૨૫ના રોજ નકકી કરેલ રૂટ ઉપર શ્રધ્ધાળુઓ દ્વારા વિસર્જન કરવામાં આવનાર છે. દેવી દેવતાઓની મૂર્તિઓની બનાવટમાં કેમીકલયુકત રંગોનો ઉપયોગ થતો હોય છે. આવી મૂર્તિઓને નદી તથા તળાવના પાણીમાં વિસર્જન કરવાથી પાણીમાં રહેતાં પાણીજન્ય જીવો, માછલી તેમજ મનુષ્યને પણ નુકશાન થાય છે. જેથી પાણી તથા પર્યાવરણમાં થતાં પ્રદૂષણને અટકાવવા કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા આપવામાં આવેલ ગાઈડલાઈન મુજબ તેમજ સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ વખતો-વખતની જોગવાઈઓ અને નામ. સર્વોચ્ચ ન્યાયલય દ્વારા સદરહું તહેવારની ઉજવણીને ધ્યાને લઈ આપવામાં આવેલ ગાઈડલાઈનને ધ્યાને લઈ સદર તહેવારની ઉજવણી દરમ્યાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે તેમજ ગણેશજીની મૂર્તિઓ બનાવવા પ્લાસ્ટર ઓફ પેરીસ (પી.ઓ.પી.)નો ઉપયોગ તેમજ કેમીકલયુકત રંગોનો ઉપયોગ કરવાના કારણે પાણીજન્ય જીવો, પશુઓ તેમજ માનવ જીવને થતાં નુકશાનને અટકાવવા જાહેરનામું પ્રસિધ્ધ કરવું ઉચિત જણાય છે.

પર્યાવરણ સંરક્ષણ (એન્વાયરમેન્ટ પ્રોટેકશન) એકટ-૧૯૮૬ની કલમ-૫ મુજબ ગુજરાત સરકારના પર્યાવરણ વિભાગના આમુખ (૧)ના પત્રની સૂચનાનુસાર નામ. ગુજરાત હાઈકોર્ટ તથા બોમ્બે હાઈકોર્ટની સૂચનાથી આપેલ આદેશાનુસાર પર્યાવરણને નુકશાન ન થાય તે હેતુ માટે સાવચેતીના

પગલાં લેવા જરૂરી જણાય છે.

સબબ હું પ્રશસ્તિ પારીક (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ અરવલ્લી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ જિલ્લાના હદ વિસ્તાર માટે આથી નીચેની વિગતે અમલવારી કરવા હુકમ કરૂ છું.

પ્રતિબંધિત કૃત્યો:-

(૧) ગણેશજીની મૂર્તિઓની બનાવટમાં કુદરતી વસ્તુઓ, બાયો-ડીગ્રેડેબલ અને પ્રકૃતિ સાથે સુસંગત વસ્તુઓનો ઉપયોગ કરવો.

(૨) ગણેશજીની મૂર્તિઓની બનાવટમાં પી.ઓ.પી. (પ્લાસ્ટર ઓફ પેરીસ), પ્લાસ્ટીક તથા ફાયબરમાંથી મૂર્તિઓ બનાવવી નહીં, વેચવી નહીં કે સ્થાપના કરવી નહીં તથા જાહેર માર્ગ ઉપર પરિવહન કરવું નહીં.

(૩) મૂર્તિઓને આકર્ષક બનાવવા સૂકા ફૂલના ઘટકો તેમજ કુદરતી વૃક્ષોના રેઝિનનો ઉપયોગ કરવાનો રહેશે.

(૪) મૂર્તિઓની બનાવટમાં મૂર્તિઓ પાણીમાં સહેલાઈથી ઓગળી શકે તેવા બિનઝેરી કુદરતી રંગનો જ ઉપયોગ કરવો. ઝેરી કે ઉતરતી કક્ષાના રસાયણ કે કેમિકલયુક્ત રંગોથી મૂર્તિને રંગ કરવો નહી.

(૫) મૂર્તિઓના વિસર્જન માટે સ્થાનિક સંસ્થાઓએ કૃત્રિમ કુંડની વ્યવસ્થા કરવી તેમજ તમામ મૂર્તિઓનું વિસર્જન કૃત્રિમ કુંડમાં થાય તે સુનિશ્ચિત કરવું. તેમજ કૃત્રિમ કુંડની આસપાસ કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે કુંડની આસપાસ બેરીકેડીંગ તેમજ સલામતીના તમામ પગલાં લેવા.

(૬) પ્રતિમાઓની બનાવટમાં અન્ય ધર્મના લોકોની લાગણીઓ દુભાય તેવા ચિન્હો કે નિશાનીઓ રાખવી નહિ.

(૭) મૂર્તિકારોએ વધેલી તથા ખંડિત મૂર્તિઓ બિનવારસી હાલતમાં છોડી દેવી નહિ તેમનો યોગ્ય નિકાલ કરવો.

(૮) મૂર્તિકારો જે જગ્યાએ મૂર્તિઓ બનાવે છે. તે જગ્યા તથા વેચાણની જગ્યાની આજુબાજુમાં ગંદકી કરવી નહી. તે અંગે સંબંધિત નગરપાલિકા તથા સક્ષમ સ્થાનિક અધિકારીએ તકેદારી રાખવી.

(૯) અરવલ્લી જિલ્લા બહારથી મૂર્તિઓ લાવી વેચનાર મૂર્તિકારો/વેપારીઓને પણ આ નિયમ લાગુ પડશે.

આ જાહેરનામાનો ભંગ કરીને કોઈ મૂર્તિકાર કે વિક્રેતાઓ દ્વારા દેવી/દેવતાઓની મૂર્તિઓની બનાવટમાં પી.ઓ.પી. (પ્લાસ્ટર ઓફ પેરીસ) ભઠ્ઠીમાં સુકેલી ચીકણી માટી, ઝેરી અને ઉતરતી કક્ષાના સિન્થેટિક રસાયણ કે કેમિકલયુક્ત રંગોનો ઉપયોગ કરેલી મૂર્તિઓ ધ્યાનમાં આવશે તો તે સમયે કે વેચાણના સમયે જપ્ત કરવામાં આવશે.

અધિક મુખ્ય સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત રાજય, ગાંધીનગરનાઓના સંદર્ભ(૧)ના પત્રથી તથા સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ તરફથી દરિયા, નદી, તળાવના પાણી તથા પર્યાવરણમાં થતાં પ્રદૂષણને અટકાવવા માટે જાહેર કરેલ માર્ગદર્શિકા તથા ઘી નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ, સેન્ટ્રલ ઝોન બેન્ચ, ભોપાલના આમુખ (૨)ના હુકમને આધારે ઉપર મુજબના પ્રતિબંધ તા. ૨૭/૦૮/૨૦૨૫ થી તા. ૦૫/૦૯/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો અનાદર કરનાર કે ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળના ગુના માટે શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતાં ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના દરજ્જાના તમામ પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

તમામને વ્યક્તિગત રીતે હુકમની બજવણી કરવી/કરાવવી શક્ય ન હોઈ આથી એક તરફી ફરમાવવામાં આવે છે.

ઉકત જણાવેલ જોગવાઈઓ સરકારશ્રીનાં ગૃહ વિભાગ, વન અને પર્યાવારણ વિભાગ તથા નામ. સુપ્રીમ કોર્ટ અને નામ. ગુજરાત હાઈકોર્ટ તેમજ અન્ય ટ્રીબ્યુનલની વખતો-વખતની સૂચના/માર્ગદર્શન મુજબ ફેરફારને આધિન તથા સંબંધિતોને બંધનકર્તા રહેશે.

આજ તા.૨૨મી ઓગષ્ટ-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સીક્કો કરવામાં આવ્યો.

પ્રશસ્તિ પારીક,
જિલ્લા મેજીસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.15 13:51:12 IST